# ઉજ્જીવન ફાઈનાન્શિયલનો આઈપીઓ ૨૮ એપ્રિલે ખુલશે : પ્રાઇઝ બેન્ડ રૂા. ૨૦૭થી ૨૧૦

અમદાવાદ, એપ્રિલ ૨૫, ૨૦૧૬: ઉજ્જીવન ફાઈનાન્શિયલ સર્વિસિસ લિમિટેડ ('યુએફએસ' અથવા 'કંપની') નોન બેન્કિંગ ફાઈનાન્શિયલ કંપની - માઈક્રો ફાઈનાન્સ ઈન્સ્ટિટ્યૂશન ('એનબીએફસી-એમએફઆઈ') છે. જેણે ૨૦૦૫માં નોન બેન્કિંગ ફાઈનાન્શિયલ કંપની ('એનબીએફસી') તરીકે કામગીરી શરૂ કરી હતી. ૩૧ ડિસેમ્બર, ૨૦૧૫ સુધી યુએફએસ ૪૭૦ શાખાઓ અને ૭,૮૬૨ કર્મચારીઓના નેટવર્ક મારફતે ૨૪ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૨૭.૭ લાખ સક્રિય ગ્રાહકોને સેવા આપતી હતી. કંપનીનો આઈપીઓ ૨૮ એપ્રિલ, ૨૦૧૬ના રોજ ખુલશે અને ૦૨ મે, ૨૦૧૬ના રોજ બંધ થશે. તેની પ્રાઈઝ બેન્ડ રૂા. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેર દીઠ રૂા. ૨૦૭થી રૂા. ૨૧૦ છે. એન્કર ઈન્વેસ્ટર બિડ/ઓફરનો સમયગાળો બિડ/ઓફર ઓપનિંગની તારીખના એક દિવસ અગાઉ એટલે કે ૨૭ એપ્રિલ, ૨૦૧૬ના રોજ રહેશે.

આઈપીઓમાં કંપનીના કુલ રૂા. ૩,૫૮૧.૬૧ મિલિયનના નવા ઈક્વિટી શેર ઈશ્યૂ થશે અને એલીવર, એફએમઓ, આઈએફસી, આઈએફઆઈએફ, એમયુસી, સર્વ કેપિટલ, ડબલ્યુસીપી અને ડબલ્યુડબલ્યુબી દ્વારા ૨૪,૯૬૮,૩૩૨ ઈક્વિટી શેરની ઓફર ફોર સેલ (ઓએફએસ) ઈશ્યૂ થશે. બીઆરએલએમ સાથે પરામર્શમાં કંપનીએ કુલ રૂા. ૨,૯૧૮.૩૯ મિલિયનનું મૂલ્ય ધરાવતા ૧૪,૨૩૬,૦૫૭ ઈક્વિટી શેરનું પ્રી-આઈપીઓ પ્લેસમેન્ટ પૂર્ણ કર્યું છે. ૩૧ ડિસેમ્બર, ૨૦૧૫ના ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસમાં જાહેર કર્યા મુજબ નવા શેરની સાઈઝમાં રૂા. ૬,૫૦૦ મિલિયન મુજબ ઘટાડો થયો છે.બનાવે છે. તે ૪૭૦ શાખાઓ અને ૭,૮૬૨ કર્મચારીઓ મારફતે ૨૭.૭ લાખ સક્રિય ગ્રાહકોને સેવા આપે છે તથા ૩૧ ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ ૦.૧૫ ટકા ચોખ્ખી એસેટ અન્ડર મેનેજમેન્ટ (એયુએમ)ની ટકાવારી તરીકે કુલ એનપીએના પોર્ટફોલિયો ગુણવત્તાયુક્ત સંકેત સાથે ?૪૫.૮૯ અબજના કુલ એયુએમ ધરાવતી હતી. કંપની છેલ્લાં સતત પાંચ વર્ષથી ભારતમાં ઈકોનોમિક ટાઈમ્સ સાથે પાર્ટનરશિપમાં ગ્રેટ પ્લેસ ટુ વર્ક? ઈન્સ્ટિટ્યૂટ દ્વારા કામ કરવા માટે શ્રેષ્ઠ ટોચની ૨૫ કંપનીઓમાં સ્થાન ધરાવે છે.